# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર – ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ,

ગાંધીનગર – ૩૮૨૦૧૦

આર-૬ શાખા

**જાહેરાત ક્રમાંક:-૧૮/૨૦૨૨-૨૩, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ક્યુરેટર,** વર્ગ-૨, ની જગ્યાઓ માટે ઉમેદવારો પસંદ કરવા **માટે Online અરજીઓ તા:૨૫/૦૮/૨૦૨૨, ૧૩.૦૦ કલાક થી તા.૦૯/૦૯/૨૦૨૨, ૧૩.૦૦ કલાક** સુધીમાં **મંગાવવામાં આવે** છે.

આ જાહેરાતની સામાન્ય જોગવાઇ, ઓનલાઇન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસબોર્ડ પર તથા આયોગની વેબસાઇટ **https://gpsc.gujarat.gov.in/** અને **https://gpsc-ojas.gujarat.gov.in/** ઉપર જોવા વિનંતી છે. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**જગ્યાનું નામ : ક્યુરેટર, વર્ગ-૨, કુલ જગ્યા – ૦૫**

| અનુ. નં. | કેટેગરી | જગ્યા | કેટેગરીવાર જગ્યા પૈકી મહિલા માટે અનામત જગ્યા |
|---|---|---|---|
| ૧ | આર્થિક રીતે નબળા વર્ગ | ૦૧ | ૦૦ |
| ૨ | સા. અને શૈ. પ. વર્ગ | ૦૨ | ૦૦ |
| ૩ | અનુ. જન જાતિ | ૦૨ | ૦૦ |
| | કુલ | ૦૫ | ૦૦ |

-પ્રાથમિક કસોટી યોજવાની સૂચિત તા : ૨૨/૦૧/૨૦૨૩

-પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ : માર્ચ.-૨૦૨૩

-રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ : જૂન-૨૦૨૩

-આખરી પરિણામ : રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

**નોંધ:-** **(૧)** ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજી-પત્રકમાં ભર્યા, બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૩) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગનાં ઉમેદવારો માટે ફી સાથેનું છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક માન્ય રાખવામા આવશે.

(૪) ઉક્ત જગ્યાઓ પૈકી દિવ્યાંગ(Persons with Disabilities) ઉમેદવારો માટે કોઈ જગ્યા અનામત નથી. પરંતુ જગ્યાની ફરજો અને જવાબદારીઓને અનુરૂપ LV(40% to 70%) અથવા D(Deaf) અથવા HH(Hard of Hearing) અથવા O.L.(One leg affected) અથવા CP(CEREBRAL PALSY) અથવા LC-LEPROSY CURED અથવા D-DWARFISM અથવા AAV-ACID ATTACK VICTIMS અથવા ASD(M)(AUTISM SPECTRUM DISORDER) અથવા ID(INTELLECTUAL DISABILITY) અથવા SLD(SPECIFIC LEARNING DISABILITY) અથવા MI(MENTAL ILLNESS) અથવા MD(MULTIPLE DISABILITIES)(40% to 70%) દિવ્યાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારો અરજી કરી શકે છે. આ સિવાય અન્ય પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

(૫) One Time Registration(OTR) ઉમેદવારને ઓનલાઈન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરેલ ગણાશે નહિ.

(૬) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઈન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી "Editable" છે. આથી, ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઈન અરજીમાં વિગત/માહીતી ભરવામાં કોઈ ભૂલ થાય તો "Edit" વિકલ્પમાં જઈ વિગત સુધારી લેવી, નવી અરજી ન કરવી.

(૭) ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક આયોગની કચેરીમાં હાલ પુરતા મોકલવા નહિ. પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઈટ **https://gpsc-iass.gujarat.gov.in** પર નિયત સમય મર્યાદામાં ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઈન પધ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

**શૈક્ષણિક લાયકાત** : (A) Possess, (1) A post graduate diploma in Museology obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; **Or**

(2) A Second Class post graduate degree in Museology obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized by the government, **and**

(B) (1) have about three years experience on the post not below the rank of Assistant Curator Class III, in Subordinate Service of Directorate of Museums;**Or**

(2) have about three years experience in public sector museum or private museum on the post which can be treated equivalent to the post not below the rank of Assistant Curator ,class III, Subordinate service of Directorate of Museums; **and**

(C) Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classificstion and Recruitment (General) Rules, 1967;

(D) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

પગાર:- Rs. 53,100/- Rs. 1,67,800/- (Grade Pay 5400)

ઉંમર:- ૪૩ વર્ષથી વધુ નહીં (ભરતી નિયમો મુજબ ૪૨ વર્ષ + સા.વ.વિ.ના તા.૧૪/૧૦/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:NO/GS/18/2021/CRR/11/2021/450900/G.5 મુજબ ૦૧ વર્ષ)

(૧) ઉંમર તથા અનુભવ મૂળ જાહેરાતની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧. | મુળ ગુજરાતના આર્થિક રીતે પછાત વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુ. જન જાતિ વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ(વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨. | મૂળ ગુજરાતના આર્થિક રીતે પછાત વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુ. જન જાતિ વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) -આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઈ જાય છે. |
| ૩. | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪. | માજી સૈનિક, ઈ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા(ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ |

નોંધ: (૧) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સીટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે, તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૨) જો યુનિવર્સીટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/ આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૩) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, Twitter:@Gpsc_OFFICIAL & Mobile App: Gpsc(Official)પર જોવા વિનંતી છે.

(૪) આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવુ પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

અરજી ફી: -મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો, દિવ્યાંગ ઉમેદવારો, માજી સૈનિકો અને મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ ફી ભરવાની નથી તથા અન્ય રાજયના અનામત વર્ગના ઉમેદવારોને અનામત વર્ગનો લાભ મળવા પાત્ર નથી. આથી અન્ય રાજ્યોના અનામત વર્ગના ઉમેદવારોએ અરજી કરવાની રહેતી નથી.

(એસ. એસ. પટવર્ધન)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

| | |
|---|---|
| | **Gujarat Public Service Commission**<br>**Sector-10-A, Nr. Chh-3 Circle, Chh road,**<br>**Gandhinagar - 382010** |

R-6 BRANCH

On line applications are invited for the posts of CURATOR, CLASS -2 in (the Sports, Youth and Cultural Activities Development) (Advt.- 18/2022 -23) between date:25/08/2022 , 13.00 Hrs. to date:09/09/2022 , 13.00 Hrs.

Candidates are instructed to visit notice board or the website of commission **https://gpsc.gujarat.gov.in/** and **https://gpsc-ojas.gujarat.gov.in/** for all provisions of advertisement, general instructions and the method of online application and payment of fees.

Name of the post: **- CURATOR, CLASS -2 NO. OF POST:-05**

| Sr. No. | Category | Vacancy | Categorywise post reserved for Women Candidate |
|---|---|---|---|
| 1 | EWS | 01 | 00 |
| 2 | SEBC | 02 | 00 |
| 3 | ST | 02 | 00 |
| | TOTAL | 05 | 00 |

- Tentative Date for Preliminery Test: 22/01/2023
- Tentative month for Preliminery Test Result: March-2023
- Tentative month for Interview: JUNE-2023
- Final result will be published during 10 working days after the last date of interview.

**Note:**-

(1) Candidate shall carefully read the Advertisement No. and Name of the Post before Applying online. Candidates shall confirm the application only after verifying the details filled in the application form.

(2) Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidates shall not be accepted.

(3) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the Commission. For candidates belonging to unreserved category the last confirmed application with fees will be considered by the Commission.

(4) Out of above mentioned posts no post is reserved for physically disable candidates. But according to Duties and Responsibilities of this post those candidates who have disability LV(40% to 70%) or D(Deaf) or HH(Hard of Hearing) or O.L.(One leg affected) or CP(CEREBRAL PALSY) or LC-LEPROSY CURED or D-DWARFISM or AAV- ACID ATTACK VICTIMS or ASD(M)(AUTISM SPECTRUM DISORDER) or ID(INTELLECTUAL DISABILITY) or SLD(SPECIFIC LEARNING DISABILITY) or MI(MENTAL ILLNESS) or MD(MULTIPLE DISABILITIES)(40% to 70%) can apply. The Candidates possessing other than prescribed physical disabilities are not eligible to apply.

(5) The One Time Registration (OTR) module only helps to candidate for filling Online Application Speadily, which will not count as an online Application.

(6) The Online application is “Editable” till the last date and Time of the advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details/information in the online application, go to the “Edit” option and update the details till the last date and Time of application. Do not make a new application.

(7) Candidates are requested not to send physical copy of the application to the commission as of now. Candidates qualified for application Scrutiny only have to upload their required certificates/documents online on commission's website **https://gpsc-iass.gujarat.gov.in** /within the Stipuled time duration as Mentioned in the provisional result. Those candidates who send their required certificates/documents in person or by post to the commission are automatically ineligible for the further recruitment process.

## Educational Qualification:

(A) Possess, (1) A post graduate diploma in Museology obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; **Or**

(2) A Second Class post graduate degree in Museology obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized by the government, **and**

(B) (1) have about three years experience on the post not below the rank of Assistant Curator Class III, in Subordinate Service of Directorate of Museums;**Or**

(2) have about three years experience in public sector museum or private museum on the post which can be treated equivalent to the post not below the rank of Assistant Curator ,class III, Subordinate service of Directorate of Museums; **and**

(C) Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classificstion and Recruitment (General) Rules, 1967;

(D) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

PAY SCALE: - Rs. 53,100/- Rs. 1,67,800/- (Grade Pay 5400)

AGE: - Not more than 43 years. (42 years, As per recruitment rules + 01 year, As per GAD Notification: NO/GS/18/2021/CRR/11/2021/450900/G.5 dated.14-10-2021)

(1) Age and Experience will be calculated as on the last date of the receipt of application.

(2) Upper Age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | EWS, SEBC, ST category Candidates of Gujarat origin | 05 Years (maximum up to 45 years) |
| 2 | EWS, SEBC and ST category Women Candidates of Gujarat origin only. | 10 Years(maximum up to 45 years)<br>-This includes woman reservation of 5 years. |
| 3 | Person with Disabilities | 10 years (maximum up to 45 years) |
| 4 | Ex-servicemen/Officers | The lenth of Military Service (Atleast 5 Years of Military Service + 3 Years) |

**Note:** (1) The candidate having qualification from foreign University has to produce necessary documents /proof regarding the recognition/equivalence of their degree. It will be the responsibility of the candidate to produce necessary documents in time. Otherwise Commission will not consider any representation about this.

(2) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the university.

(3) For syllabus of preliminary test please refer commission's website https://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, Twitter:@Gpsc_OFFICIAL & Mobile App: Gpsc (Official).

(4) Candidate shall remain present at each stage of Recruitmment process, otherwise his/her candidature shall be cancelled.

**Application fee:**

Candidates of Reserved Category of Gujarat Origin, candidates who are physically disable, Ex-Serviceman, & Economically Weaker Sections(EWS) of Gujarat Origin have not to pay application fee. While candidates of Reserved Category of Other States are not eligible to apply for this post.

(S. S. Patwardhan)
Joint Secretary
Gujarat Public Service Commission.

# જાહેરાતની સામાન્ય જોગવાઈઓ

**૧ નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટાક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**૨ અરજીપત્રક:-**

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ , જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો ( આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી.

(૪) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૫) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૬) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૭) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે..(દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૮) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછા પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે તેવી જોગવાઇ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (અ)જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે. ઉમેદવારે આપેલ self-Declaration અને affidavit પર રજૂ કરેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન્ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી), Against post તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)**(અ)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

(૬)(ડ) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં

કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.**

**નોંધ-૧:** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા. ૨૬.૦૬.૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ તા. ૨૫.૦૧.૨૦૧૯ થી તા. ૧૨.૦૯.૨૦૧૯ સુધી ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાહેંધરી ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં આપવાની રહેશે. આયોગ જ્યારે EWS પ્રમાણપત્ર મગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઇના દુરુપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

## ૮ માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: આરઇએસ૧૦૮૫૩૪૩૩ગ-૨ની જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામત નો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં અથવા રાજ્ય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર"તરીકેના લાભ આપવામાં આવશે.

**જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

**૧૩ ગેરલાયક ઉમેદવાર :-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫ રજીસ્ટ્રેશન :-**

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમયે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે, તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૧૬ અગત્યની જોગવાઇઓ :-**

(૧) આ જગ્યાની નિમણૂક માટે પ્રથમ પ્રાથમિક કસોટી અને ત્યારબાદ રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાંનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નક્કી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોને યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

**૧૭ રૂબરૂ મુલાકાત:-**

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક

ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનુ સાધન નથી તેવા ઉમેદવારો કે જેઓના માતા–પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડ વાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

**(૪) વર્ગ-૩ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈઓ લાગુ પડશે નહીં.**

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી )

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય, અનુભવનું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/DENTAL COUNCIL/CCIM/ CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ /ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર

ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭)કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧)ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

(એસ. એસ. પટવર્ધન)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.